# ડીસામાં કર્ફ્યુ વચ્ચે ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળ્યા

**પ્રથમવાર ભક્તો વિના રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન : વહીવટી તંત્રનાં નિયમો અને શરતોનું ચુસ્ત પાલન કરાયું**





ડીસા, તા.૧૨

ડીસા શહેરમાં રથયાત્રા સાદગી પૂર્વક રીતે નિકાળવામાં આવી હતી. યાત્રા જે રૂટ પરથી પસાર થઈ હતી તે સમગ્ર રૂટ ઉપર તંત્ર દ્વારા કરફ્યુ જાહેર કરવામાં આવ્યો હતો અને રથયાત્રા કરફ્યુ વચ્ચે નિજ મંદિરે પરત ફરી હતી.

શહેરમાં કાર્યરત સુભાષચંદ્ર બોઝ સેવા સમિતિ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકાળવામાં આવે છે જોકે ગયા વર્ષે કોરોનાની મહામારીના લીધે રથયાત્રા યોજાઈ ન હતી અને આ વર્ષે પણ કોરોનાની બીજી લહેર બાદ કોરોના કેસોમાં ઘટાડો થતા તંત્ર દ્વારા સાદગીપૂર્વક રથયાત્રા યોજવાની મંજૂરી આપવામાં આવી હતી. આ રથયાત્રા સોમવારે સવારે ૭ વાગે શહેરના રામજી મંદિરથી પ્રસ્થાન પામી હતી. જેમાં ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્ર નગરચર્યાએ રથ સવાર થઈ નીકળ્યા હતા. આ રથયાત્રામાં જે લોકોને તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી તે લોકો જ જોડાયા હતા. રથયાત્રા દરમ્યાન શહેરમાં સવારે ૭ વાગે થી ૯ વાગે સુધી માત્ર ૨ કલાક યોજવામાં આવી હતી જ્યાથી આ રથયાત્રા પસાર થઈ તે તમામ રૂટ ઉપર કર્ફ્યુ લાગુ કરવામાં આવ્યું હતું. જેથી સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આપેલ પરવાનગી સિવાયના અન્ય કોઈપણ વ્યક્તિઓ રથયાત્રામાં જોડાય નહિ કે પોતાના ઘરની બહાર નીકળે નહી તેની ખાસ તકેદારી પોલીસ દ્વારા રાખવામાં આવી હતી જોકે આ રથયાત્રા દરમીયાન મીડિયાને પણ કવરેજ કરવા માટે પ્રવેશ આપવામા આવ્યો ન હતો આ યાત્રા કુંભારવાસ રામજી મંદીરથી નીકળી રીસાલા ચોક, હીરા બજાર, એસ.સી. ડબલ્યુ હાઈસ્કુલ ચાર રસ્તા, અગ્રસેન સર્કલ, બગીચા સર્કલ, ફુવારા સર્કલ, ગાંધીજીનું પુતળું, ભગવતી સાડી શો રૂમ, શહેર દક્ષિણ પોલીસ મથક થઈ રીસાલા ચોકમાં પરત ફરી હતી.ત્યાર બાદ જ ભક્તોને ભગવાનના દર્શનનો લાભ મળ્યો હતો.રથયાત્રા પ્રસંગે ધારાસભ્ય શશીકાંત પંડ્યા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## બાયડના જીનાલયની ૭મી વર્ષગાંઠની ઉજવણી







બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

બાયડના ગીરીરાજ કેમ્પસમાં આવેલ શ્રી વિમલનાથ જીનાલયની સ્થાપનાને ૭ વર્ષ પૂર્ણ થતાં અષાઢી બીજના દિવસે વર્ષગાંઠની વાજતે ગાજતે ઉજવણી કરવામાં આવી. શેઠ પ્રવિણચંદ્ર રતિલાલ(સૌરાષ્ટ્ર ફરસાણ-બાયડ)પરિવાર વર્ષગાંઠ ઉજવણીનું યજમાન મેળવ્યું હતું. શ્રી વિમલનાથ જીનાયલ-બાયડના પ્રમુખ સંજયભાઈ શેઠ, ડૉ.નિમેષભાઈ સાલવી, પ્રમિતભાઈ શાહ, કેતનભાઈ શાહ વગેરે દ્વારા ૭મી વર્ષગાંઠની ઉજવણી સાથે ધજારોહણ કરવામાં આવ્યું હતું એ સમયે જીનાલયના શ્રાવકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર કરવામાં આવ્યો હતો.

## તંત્ર કોરોનામાંથી બહાર આવે : સાબરકાંઠા, અરવલ્લીમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો

**યોગ્ય પગલાં નહીં ભરાય તો મચ્છરજન્ય રોગચાળો વકરવાની દહેશત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાના કેસમાં ઘટાડો થયો છે. પરંતુ તંત્ર હજુ પણ કોરોના માટે ઉપલબ્ધ હોય તેવી સ્થિતિ છે જેના કારણે જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધ્યો છે. મચ્છરોના ઉપદ્રવને નાથવા માટે યોગ્ય પગલાં નહીં ભરાય તો મચ્છરજન્ય રોગચાળો વકરવાની દહેશત સેવાય છે.

આમ તો ચોમાસુ એટલે રોગનું ઘર કહેવાય પરંતુ પાછલા દાયકામાં વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્રની સજાગતાના કારણે ચોમાસા દરમ્યાન લેવાતા આગોતરા પગલાના કારણે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળા ઉપર અંકુશ જોવા મળ્યો. છેલ્લા ૧૬ મહિનાથી ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાને કોરોનાના રોગચાળાએ ઘમરોળી નાખ્યો. પ્રજા પણ હવે મચ્છરોને ભૂલીને માત્ર કોરોના..કોરોના શબ્દો સતત અફડાતા હોવાથી માત્ર કોરોનાથી જ ડરી રહી છે પરંતુ એ પણ ન ભૂલવું જોઈએ કે મચ્છરજન્ય રોગચાળાએ પણ ભૂતકાળમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ સંજોગોમાં ફરી એકવાર આરોગ્ય તંત્રની મચ્છરજન્ય રોગચાળા ઉપર અંકુશ મેળવવાની ઢીલી નીતિના કારણે આવનારા દિવસોમાં ઘેર..ઘેર માંદગીના ખાટલા ઢળાઈ શકે છે. આરોગ્ય વિભાગે બંન્ને જિલ્લામાં હવે મચ્છરજન્ય રોગચાળાને નાખવા માટે આગોતરાં પગલાં ભરવાં પડશે.

## વાત્રક મહાલક્ષ્મી મંદિરમાં રાજભોગ સેવા શરૂ, સેવાધામ, તિર્થધામ માટે સંકલ્પ લીધો

**આવનારા દિવસોમાં વધુ સુવિધા ઉભી કરવા નિર્ધાર**



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

જિલ્લાના એકમાત્ર બાયડ તાલુકાના વાત્રકમાં આવેલ મહાલક્ષ્મી મંદિરમાં બાયડ તાલુકાના પનોતા પુત્ર અને અમદાવાદને કર્મભૂમિ બનાવનાર વિજયભાઈ શાહની સ્ફુર્નાથી અષાઢી બીજથી કાયમી રાજભોગ સેવા શરૂ કરવામાં આવી છે. સેવાધામ, તિર્થધામ માટે સેવાભાવિઓએ સંકલ્પ લીધો હતો અને આવનારા દિવસોમાં યાત્રાળુ માટે વધુ સુવિધા ઉભી કરવા માટે નિર્ધાર વ્યક્ત કર્યો છે.

આમ તો વાત્રક નામ પડે એટલે મોટાભાગનો સમુદાય શોકમગ્ન બની જાય છે પરંતુ વાત્રક સાચા અર્થમાં તિર્થભૂમિ છે તે ભૂલાવવું ન જોઈએ. વાત્રક ખાતેની શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ હોસ્પિટલમાં વર્ષે લાખો દર્દીઓની સેવા કરી સાજા કરવામાં આવે છે. મોતના મુખમાં ધકેલાયેલા અનેક દર્દીઓને સમયસરની સારવારથી જીવતદાન મળતાં તેઓ પણ વાત્રકની ભૂમિનો ઉપકાર ભૂલતા નથી. વાત્રકમાં સ્વયંભૂ ધારેશ્વર મહાદેવ આસ્થાનું પ્રતિક છે. જોગાનું જોગ વાત્રક નદીના કિનારે જિલ્લાનું એકમાત્ર મહાલક્ષ્મી મંદિર આવેલું છે પરંતુ કોઈપણ કારણોસર ત્યાં રાજભોગ સેવા શરૂ થઈ શકી ન હતી. વાત્રકમાં ઉત્તર ગુજરાતની સર્વશ્રેષ્ઠ સવલતવાળી આંખની હોસ્પિટલનું નિર્માણ કાર્ય શરૂ કરવાના નિર્ધાર સાથે આવેલા વિજયભાઈ શાહ અને તેમના સહયોગીઓએ મહાલક્ષ્મી મંદિરની મુલાકાત લીધી ત્યારે રાજભોગ સેવા ચાલતી ન હોવાનું જાણી મનોમન ખિન્ન થયા પરંતુ હવે મહાલક્ષ્મી મંદિરમાં રાજભોગ સેવા શરૂ કરવાની સાથે આ વિસ્તારને સેવાધામ, તિર્થધામ તરીકે વિકસાવવાનો સંકલ્પ લીધો. અષાઢી બીજે વિદ્વાન બ્રાહ્મણની ઉપસ્થિતિમાં તેઓએ સજોડે કાયમી રાજભોગ સેવા સાથે આ વિસ્તારના વિકાસ માટે સંકલ્પ લીધો હતો અને તેમાં દાતાઓ તેમજ અન્ય આગેવાનો સહયોગ આપે તેવી અપીલ પણ કરી છે.

**પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો**

## ભિલોડામાં હુમલાખોરોએ બે સગાં ભાઈઓ પર જીવલેણ હુમલો કર્યો





ભિલોડા, તા.૧૨

ભિલોડા તાલુકા મથક ખાતે વીરપુર ત્રણ રસ્તા પાસે કમઠાડીયા ગામના હુમલાખોરોએ એક સંપ થઈ ચુનાખાણ ગામના બે સગાં ભાઈઓ પર સામાન્ય ઈરાદો પાર પાડવાના મુખ્ય આશયથી અગાઉ થયેલ ઝગડાની અદાવત સંદર્ભે ધારીયા, પાઈપો વડે જીવલેણ હુમલો કર્યો હોવાની વાત વાયુવેગે પ્રસરતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.ઈજાગ્રસ્તોને સારવાર અર્થે કોટેઝ હોસ્પિટલમાં ખસેડાયા હોય પોલીસ કાફલો તાબડતોબ પહોંચ્યો હતો. હુમલાખોરો વિરૂધ્ધ ગુનો નોંધી હુમલાખોરોને ઝડપી લેવા માટે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ. જી. વસાવાના જણાવ્યા મુજબ ચુનાખાણ ગામના ભરતભાઈ અરવિંદભાઈ જોષીયારા, કાંતીભાઈ અરવિંદભાઈ જોષીયારાને કમઠાડીયા ગામના નુતન બુવડ, કિર્તી બુવડ, હિતેશ જોષીયારા સહિત અજાણ્યા પંદરેક હુમલાખોરોએ અગાઉ થયેલ ઝગડાની અંગત અદાવત સંદર્ભે બિભત્સ અપશબ્દો બોલીને મારી નાખવાના ઈરાદે કાંતીભાઈ અને ભરતભાઈ પર ધારીયા,પાઈપોથી માથાના ભાગે તેમજ તેઓના શરીર પર ગંભીર ઈજાઓ પહોંચાડતાં જીલ્લા મેજીસ્ટ્રેટના હથીયાર બંધીના જાહેરનામાનો સરેઆમ ભંગ કર્યો હતો. ભરતભાઈ અરવિંદભાઈ જોષીયારાએ કમઠાડીયા ગામના હુમલાખોરો વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પાયલોટ પ્રોજેક્ટ : સાબરકાંઠા, અરવલ્લીની ૨૮ શાળાઓનો મિશન સ્કુલ ઓફ એક્સલન્સના પાયલોટ પ્રોજેક્ટમાં સમાવેશ

**ડી.ઈ.ઓ.ની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ, સંચાલકોના મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન કરવાનો પ્રયાસ..!!**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

મિશન સ્કુલ ઓફ એક્સલન્સ પ્રોજેક્ટ માટે વર્લ્ડ બેન્કે રૂ.૫૦૦ મીલીયન ડોલરનું ફંડ આપવાની જાહેરાત કર્યા પછી ગુજરાતમાં તેનો પાયલોટ પ્રોજેક્ટ હાથ ઉપર લેવામાં આવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લીની ૨૮ થી વધુ શાળાઓનો મિશન સ્કુલ ઓફ એક્સલન્સના પાયલોટ પ્રોજેક્ટમાં સમાવેશ કરવાની સાથે બંન્ને જિલ્લામાં પસંદ થયેલી સ્કુલોના સંચાલક-આચાર્યો સાથે ડી.ઈ.ઓ.ની અધ્યક્ષતામાં બેઠક યોજવામાં આવી હતી. પોતાની સ્કુલની પાયલોટ પ્રોજેક્ટમાં પસંદગી થયા પછી ઉદ્ભવનારા પ્રશ્નો બાબતે ખુલ્લા મનથી ચર્ચા થઈ હતી અને તેમાં હકારાત્મક પરિણામ આવ્યું છે. પાયલોટ પ્રોજેક્ટના કારણે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે ખાસ નિવાસી શાળાઓ ઉભી થઈ શકે છે. જો પાયલોટ પ્રોજેક્ટ સફળ થશે તો ગુજરાતના શિક્ષણ ઈતિહાસમાં એક સીમા ચિન્હરૂપ બની શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજયમાં કોંગ્રેસ, રાજપા કે ભાજપની સરકાર હોય પરંતુ શિક્ષણ મુદ્દે પસ્તાળ પડતી આવી છે. પરંતુ પાછલા એક દાયકામાં ભાજપ સરકાર દ્વારા શિક્ષણમાં ગુણવત્તાયુક્ત સુધાર માટે અનેક હિંમત ભર્યા પગલાં ભર્યા છે જે બિરદાવવાં જોઈએ. ક્યાંક લાવવામાં આવેલો સુધાર સફળ પણ રહ્યો નથી. હવે રાજયની સરકારી પ્રાથમિક શાળા અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં મિશન સ્કુલ ઓફ એકસલન્સની જાહેરાત કરવામાં આવી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની શાળાઓને તેમની ગુણવત્તાના આધારે પસંદગી કરી છે. પાયલોટ પ્રોજેક્ટમાં માળખાકીય સુવિધા પૂરતા પ્રમાણમાં વર્ગખંડ, સ્માર્ટ કલાસ, રૂમ, અદ્યતન કોમ્પ્યુટર લેબ, ફીટ ઈન્ડીયા રમત-ગમતના સાધનો, વિશેષ પ્રકારનું ગુણવત્તાયુક્ત અને પરિણામલક્ષી શિક્ષણ આપવાની વિભાગે બાંહેધરી આપી છે. મિશન સ્કુલ ઓફ એકશન સેન્ટર ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ સંખ્યા ધરાવતી શાળાઓનો સમાવેશ થયો છે. જો આ પાયલોટ પ્રોજેક્ટ સફળ રહ્યો તો વર્ષ-૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય પ્રોગ્રામ ફોર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ એસેસમેન્ટમાં જિલ્લાના વિદ્યાર્થીઓ ભાગ લેતા હશે તે સ્વપ્ન સાકાર થઈ શકે છે.

## અરવલ્લી જિલ્લામાં ધોરણ-૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા તા.૧૫ જુલાઈ થી ૨૮ જુલાઈ દરમ્યાન યોજાસે

**પરીક્ષા દરમિયાન ઝેરોક્ષ મશીનો બંધ રાખવા પ્રતિબંધિત હુકમો**

બાયડ તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર ધ્વારા આયોજિત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સા.પ્ર./વિ.પ્ર.) રીપીટર/પૃથ્થક/ખાનગી ઉમેદવારોની જુલાઈ પરીક્ષા- ૨૦૨૧ યોજાનાર છે પરીક્ષા સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૧૫ જુલાઈ થી તા. ૨૮ જુલાઈ સુધી કલાક ,૧૦/૦૦ થી ૧૩/૪૫ કલાક તથા કલાક ૧૪/૦૦ થી ૧૮/૦૦ કલાક સુધી અરવલ્લી જિલ્લાના તાલુકાના વિવિધ કેન્દ્રો ખાતે પરીક્ષા લેવાશે. આ પરીક્ષા દરમિયાન ગેરરીતિ અટકાવવા ઝેરોક્ષ સેન્ટરના સંચાલકો દ્વારા ઝેરોક્ષ મશીનોનો દુરૂપયોગ રોકવાના હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પ્રદીપસિંહ રાઠોડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધિત હુકમો ફરમાવેલ છે.

અરવલ્લી જિલ્લાના તાલુકાના વિવિધ કેન્દ્રો ખાતે આગામી તા. ૧૫-૦૭-૨૦૨૧ થી તા. ૨૮-૦૭-૨૦૨૧ સુધી કલાક,૧૦/૦૦ થી ૧૩/૪૫ કલાક તથા કલાક ૧૪/૦૦ થી ૧૮/૦૦ કલાક દરમ્યાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડણ ગાંધીનગર ધ્વારા આયોજિત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સા.પ્ર./વિ.પ્ર.) રીપીટર/પૃથ્થક/ખાનગી ઉમેદવારોની જુલાઈ પરીક્ષા- ૨૦૨૧ યોજાનાર હોઈ પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા દરમ્યાન મોબાઈલ ફોન/ પેજર/ સેલ્યુલર ફોન / કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ કે અન્ય કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક સાધનોના ઉપયોગ પર પ્રતિબંધ છે.

તદ્ ઉપરાંત પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથેપ્રત્યક્ષપણે સંકળાયેલ હોય તે સિવાયના ચાર કે તેથીવધુ માણસોએ એકત્ર થવું અથવા ભેગાથવું નહી, સુત્રો પોકારવા નહી, સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે અન્ય પદાર્થ લઈ જવા નહી. તથા પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં ઝેરોક્ષ મશીનો ચાલુ રાખવર ઉપર પ્રતિબંધ છે. આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

## પ્રાંતિજ ગોપીનાથ સોસાયટીમા પાણીની સમસ્યા

**સોસાયટીના રહીશો દ્વારા રજુઆત બાદ પણ પરિસ્થિતિ જૈસે થેની : પાલિકા દ્વારા સ્વચ્છતા સેવા-સપ્તાહની ઉજવણી ટાણે જ પાણીની સમસ્યા : સોસોયટી પાસે જ પાલિકા દ્વારા લાખ્ખો રૂપિયાના ખર્ચે પાણીનો સંપ બન્યો છતાંય રહીશોની હાલત જૈસે થે ની**

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના હાર્ટ સમાન એપ્રોચરોડ ઉપર આવેલ ગોપીનાથ સોસાયટી ખાતે છેલ્લા પાંચ દિવસથી પાણીની બુમરાહ રજુઆત બાદ પણ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા કોઈજ કાર્યવાહી ના થતા રહીશો દ્વારા પાલિકા સામે આક્રોશ વ્યક્ત કર્યો છે તો પ્રાંતિજ પાલિકા દ્વારા સ્વચ્છતા સેવા-સપ્તાહની ઉજવણી ટાળેજ પાણી ની સમસ્યા ઉભી થતા પાલિકા ની સેવાઓ ઉપર અનેક સવાલો ઉભા થયા છે.

પ્રાંતિજ ગોપીનાથ સોસાયટીમાં છેલ્લા પાંચ દિવસ થી પાણી ની બુમરાહ છતાંય પ્રાંતિજ નગર પાલિકા દ્વારા આંખ આડા કાન કરવામા આવ્યા છે તો રહીશો દ્વારા પ્રાથમિક જરૂરિયાત પાણીની સમસ્યાને લઈને પાલિકામાં રજુઆતો બાદ પણ કોઈ નિકાલ ના આવતા રહીશો પાણીની સમસ્યા ને લઈ ને તોબા પોકારી ઉઠયા છે તો બીજીતરફ તાજેતરમાંજ લાખ્ખો રૂપિયા ના ખર્ચે સોસાયટી પાસેજ પાણીનો સંપ બનાવવામા આવ્યો છે અને એનુ ઉદ્ઘાટન પણ જીલ્લા પ્રમુખના હસ્તે કરવામા આવ્યુ છે છતાંય આ સોસાયટી ના રહીશો હાલતો પાણીની સમસ્યાને લઈ ને આમતેમ ભટવાનો વારો આવ્યો છે અને રહીશોના હોજના તળીયા પણ દેખાય છે તો બીજી તરફ પ્રાંતિજ પાલિકા નગરજનો ને સ્વચ્છતા , પાણી , ગટર , સ્ટ્રીટ લાઈટ સહિતની સુવિધાઓ મળી રહે તે માટે વિવિધ વોર્ડમા સ્વચ્છતા સેવા-સપ્તાહની ઉજવણી કરવામા આવી રહી છે ત્યારે વોર્ડ-૨ ગોપીનાથ સોસાયટીમા જ સેવા-સપ્તાહ ઉજવણી દરમ્યાન સોસાયટીના રહીશોને પાણીની સમસ્યા હલના થતા રહીશો દ્વારા પાલિકાની કામગીરી ઉપર રોષ ઠાલવી રહ્યા છે.

**જન્મદિને વધામણી**



ડૉ. ભરતભાઈ પટેલ
ઉભરાણ, તા.માલપુર



કમલેશભાઈ જી. પટેલ
(પૂર્વ સદસ્ય : ડેમાઈ ગ્રામ પંચાયત)
ડેમાઈ (બાયડ)



કરણ એમ. પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી



જૈમિની ડૉ.પ્રશાંતકુમાર ભાટીયા
(મધુરમ ફ્લેટ)
બાયડ, જિ.અરવલ્લી

**ઘરમાં રહો, સુરક્ષિત રહો**